# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

**ઇસુનો જન્મદિવસ એ પ્રેમ અને કરુણાનો સંદેશ આપણા સૌના જીવનમાં નવી આશા જગાવે છે. ચાલો, દરેક વ્યક્તિને સન્માન સાથે સ્વીકારીને એક સમાવિષ્ટ વિશ્વ તરફ ડગ માંડીએ.**

**પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી મેરી ક્રિસમસ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ!**

---

**December 2025 | Issue No. 73 | A monthly newsletter**

## નાની જીતનું મોટું ગણિત : અનુષ્કા ની વાર્તા



પાંચ વર્ષની અનુષ્કા મૌર્યની સફર આપણને યાદ અપાવે છે કે પ્રગતિ ક્યારેક શાંત, ધીમી અને ખૂબ જ સહજ પણ હોઈ શકે છે. સેરેબ્રલ પાલ્સી અનુષ્કાના પરિવારે સારવાર અને કામના સંજોગોને લીધે બિહારથી અમદાવાદ સ્થળાંતર કર્યું હતું. પ્રભાતના માધ્યમથી તેમને એક એવું સ્થાન મળ્યું જેણે તેની ક્ષમતાને સમજી અને જરૂરી થેરાપી પૂરી પાડી. જ્યારે અનુષ્કાએ શરૂઆતમાં સેશન્સમાં આવવાનું શરૂ કર્યું, ત્યારે તે ખૂબ જ હાઇપરએક્ટિવ (અતિ ચંચળ) હતી, 'હા' કે 'ના' જેવી સામાન્ય સૂચનાઓ સમજવામાં પણ મુશ્કેલી અનુભવતી, ખૂબ રડતી અને 'W' આકારમાં (શરીરને નુકસાન પહોંચાડે તેવા આસનમાં) બેસતી હતી. એ સમયે તેને ભણાવવું મોટું પડકાર જણાતું હતું.

પરંતુ તેના સ્નાયુઓના વિકાસ, સંચાર કૌશલ્ય, રોજિંદી પ્રવૃત્તિઓ અને સેન્સરી ઇન્ટિગ્રેશન પર સતત અને પદ્ધતિસર કામ કરવાને કારણે ધીમે-ધીમે નાના ફેરફારો દેખાવા લાગ્યા. આજે અનુષ્કા સરળ સૂચનાઓ સમજી શકે છે, શારીરિક ટેકા સાથે પ્રવૃત્તિઓ કરવાનો પ્રયત્ન કરે છે અને મદદની જરૂર હોય ત્યારે પણ પોતાની તરફથી પૂરતો પ્રયાસ કરે છે. તેની આ પ્રગતિ કદાચ 'વિકાસ'ના પરંપરાગત માપદંડોમાં ન પણ બેસે, પરંતુ તેનો દરેક નાનો પ્રતિભાવ, દરેક પ્રયત્ન અને પ્રવૃત્તિઓમાં જોડાવાની ક્ષણ એક અર્થપૂર્ણ વિકાસ દર્શાવે છે.



તેની માતાએ પોતાના વિચારો શેર કરતા જણાવ્યું: *"પહેલાં મને ડર હતો કે તે ક્યારેય કંઈ જ નહીં કરી શકે. હું સાવ લાચાર અનુભવતી હતી. પણ આજે, હું તેને મારી તરફ જોતી અને મને ઓળખતી જોઈ શકું છું. જ્યારે હું તેને કહું કે 'આ ના કર' અથવા 'આમ બેસ', ત્યારે તે સમજે છે. તે પોતાની રીતે, પોતાની ગતિ મુજબ શીખી રહી છે. આનાથી મને એક નવી આશા મળી છે: કોઈ બીજા અલગ બાળકની અપેક્ષા રાખવાની નહીં, પણ જે બાળક મારી પાસે છે તેના વધુ સારા ભવિષ્ય માટે હું પ્રયાસો કરું છું.*

અમે તેની તબીબી સ્થિતિની મર્યાદાઓને સ્વીકારીએ છીએ, પરંતુ તેના ગૌરવ અને સન્માન માટેની લડત ક્યારેય છોડતા નથી. તેની સફર કોઈ પરંપરાગત અંતિમ રેખા (finish line) સુધી પહોંચવા વિશે નથી, પરંતુ એક સમયે એક પગલું ભરીને સતત આગળ વધવાની હિંમત વિશે છે! ભલે રસ્તો ધીમો હોય, અમારો વિશ્વાસ હમેશા જીવંત રહેશે.

તૈયાર કરનાર : નમ્રતા ચૌહાણ


## કાર્યક્રમની ઝલક

**સપોર્ટ ગ્રુપ વર્કશોપ ની અસર**: વાલીઓના સશક્તિકરણ અને ક્ષમતા-નિર્માણના પરિણામે, આ મહિને સપોર્ટ ગ્રુપના વાલીઓએ આંગણવાડીઓમાં બાળકો સાથે સ્વતંત્ર રીતે સરળ શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જો કે આ પ્રવૃત્તિઓ નિયમિત દિનચર્યાનો ભાગ ન હતી, તેમ છતાં સામુદાયિક જગ્યાઓમાં વાલીઓની આગેવાની હેઠળની ભાગીદારી કેવી હોઈ શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ ક્ષણો વાલીઓમાં વધતો આત્મવિશ્વાસ અને સમાવેશી વાતાવરણ જાળવવાની સહિયારી જવાબદારી દર્શાવે છે



### વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી :

- ડિસેમ્બર મહિનાની શરૂઆત ઇન્ટરનેશનલ ડે ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ નિમિત્તે અમારા કેન્દ્રો અને આંગણવાડીઓમાં ભવ્ય ઉજવણી સાથે થઈ હતી.
- **બેરલ માર્કેટ સેન્ટર:** બાળકો, વાલીઓ અને શિક્ષકો માટે **'સિતારે જમીન પર'** ફિલ્મનું સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું, ફિલ્મ જોયા બાદ વાલી અને શિક્ષકો દ્વારા ગોષ્ઠી કરવામાં આવી હતી.
- **વટવા:** અહીં બાળકો માટે એક જાહેર બગીચામાં આઉટડોર પિકનિકનું આયોજન કરાયું હતું, જ્યાં બાળકોએ રાઇડ્સ, રમતો અને સહિયારા આનંદની મજા માણી હતી.
- રજનીકુંજ આંગણવાડી (ભાઈપુરા) ખાતે બાળકોએ પોતાના હાથની છાપ પાડીને એક સુંદર **' વૃક્ષ ' બનાવ્યું. સાથે** સ્પેશિયલ એજ્યુકેટર્સે નાનાં બાળકોને વાર્તાના માધ્યમથી દિવ્યાંગતાની વિભાવના સરળ રીતે સમજાવી હતી. અન્ય એક આંગણવાડીમાં વાલીઓ અને બાળકોએ સાથે મળીને કોલાજ બનાવ્યું અને દિવ્યાંગતા જાગૃતિ અંગે સંવાદ કર્યો હતો.






વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે ખરા અર્થમાં સમાવેશન એક જ દિવસની ઉજવણી થી નથી આવતો, તેના માટે સમાજના દ્રષ્ટિકોણમાં બદલાવ જરૂરી છે. આંગણવાડીના બાળકોને આ રીતે મુલ્ય આધારિત શિક્ષણ તેમની કુમળી વિચારધારા ને ચોક્કસ સમાવિષ્ટ બનાવે એવું અમારું ધ્યેય છે.

**પ્રભાતના તમામ કેન્દ્રો, શાળાઓ અને આંગણવાડીઓમાં નાતાલની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને સર્જનાત્મકતા સાથે કરવામાં આવી હતી.**

- ભાઈપુરા: એલ.જે. કોલેજના વિદ્યાર્થીઓ અને G.C.C.I. ગ્રુપના સભ્યોએ બાળકો સાથે સમય વિતાવીને તહેવાર ઉજવ્યો હતો.
- વટવા સેન્ટર: સ્થાનિક દુકાનદારોના સહયોગથી બાળકો માટે સવારના નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- બેરલ માર્કેટ: બાળકોએ ક્રિસમસ સ્ટાર્સ બનાવ્યા અને ઉત્સવના ભોજનનો આનંદ લીધો.
- મણિનગર ગુજરાતી શાળા નં. ૪: વિદ્યાર્થીઓએ ઓરિગામિ (કાગળ શિલ્પ) દ્વારા સેન્ટા ક્લોઝ બનાવ્યા હતા.
- આંગણવાડીઓમાં પણ બાળકો કલરિંગ, ડ્રોઇંગ અને ડાન્સિંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાયા હતા.



### અસેસમેન્ટ :

- ડૉ. કિલોલે ભાઈપુરા અને બેરલ માર્કેટ કેન્દ્રોમાં 55 બાળકોનું સ્પીચ અસેસમેન્ટ હાથ ધરવામાં આવ્યા. જેમાં સેન્ટર અને હોમ બેઝ બંને ના બાળકોનો સમાવેશ થાય છે.
- ભાઈપુરા કેન્દ્રમાં ડૉ. માલવ દ્વારા સાઈકોલોજીકલ અસેસમેન્ટ મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું, જે વ્યક્તિગત આયોજન અને ઉપચારાત્મક સહાયને વધુ મજબૂત બનાવશે.

**આરોગ્ય વિષયક જાગૃતિ અપડેટ :**



રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) ના તબીબી નિષ્ણાતોએ બાળકોની આરોગ્ય તપાસ કરવા માટે પ્રભાતના ભાઈપુરા કેન્દ્રની મુલાકાત લીધી હતી - જેમાં તેમની ઊંચાઈ અને વજન માપવામાં આવેલ. આવા નિયમિત તબીબી તપાસ બાળકોના શારીરિક વિકાસ અને એકંદર વિકાસ પર દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

માસિક ચક્ર સ્વાસ્થ્ય જાગૃતિ સત્ર : ભાઈપુરા સેન્ટર ખાતે કિશોરીઓ અને તેમના વાલીઓ માટે માસિક ચક્ર અંગે એક વિશેષ જાગૃતિ સત્ર યોજાયું હતું. આ સત્રમાં જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. નેહલ ત્રિવેદીએ દિવ્યાંગ યુવતીઓને માસિક ચક્ર દરમિયાન નડતી શારીરિક અને ભાવનાત્મક સમસ્યાઓ વિશે ખૂબ જ સરળ સમજ આપી હતી. તેમણે વાલીઓને આ તબક્કામાં દીકરીઓની ખાસ સંભાળ રાખવા, માસિક સમયની સ્વચ્છતા જાળવવા અને નાની-મોટી અગવડતાઓને પ્રેમ તેમજ ધીરજપૂર્વક કેવી રીતે સંભાળવી તેના વ્યવહારુ રસ્તાઓ બતાવ્યા હતા, જેથી પરિવારો કોઈ પણ સંકોચ વગર વધુ આત્મવિશ્વાસ સાથે દીકરીઓની કાળજી રાખી શકે.



**વિજ્ઞાન-ગણિત મેળાની મુલાકાત** મણિનગર ગુજરાતી શાળા નં. ૪ ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં દક્ષિણ ઝોનના 'URC વિજ્ઞાન-ગણિત મેળા'ની મુલાકાત લીધી હતી. આ મેળામાં સોલાર કાર, વોટર પ્યુરિફાયર, 3D ભૂમિતિ અને કચરાના નિકાલ જેવા વિજ્ઞાનના અદભુત મોડલ્સ રજૂ કરાયા હતા. આપણા બાળકો માટે આ પ્રવાસ ખૂબ જ ફાયદાકારક રહ્યો; કારણ કે પુસ્તકોમાં અઘરા લાગતા વિષયો તેમણે નજર સામે જીવંત જોયા. આવી પ્રવૃત્તિઓથી બાળકોમાં નવું જાણવાની જિજ્ઞાસા વધે છે અને તેમનો સામાજિક આત્મવિશ્વાસ પણ મજબૂત થાય છે.

## એડવોકસી



**આંગણવાડી કાર્યકર સાથે ગોષ્ઠી** : આંગણવાડી કાર્યકરો સાથે બેઠક આ મહિને કુલ ૩૫ આંગણવાડી કાર્યકરો સાથે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રભાતની ટીમે સંસ્થાના કાર્યો અને વિવિધ પ્રોગ્રામ્સ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે જ, પોતપોતાના આંગણવાડી કેન્દ્રોમાં વિશેષ જરૂરિયાતવાળા (દિવ્યાંગ) બાળકોને શરૂઆતના તબક્કામાં કેવી રીતે ઓળખવા, તે અંગે ખાસ ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**આંગણવાડી વિકાસ સ્ક્રીનીંગ ઝુંબેશ:** આંગણવાડી સ્ક્રીનીંગનો હેતુ બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિ ની સમસ્યાઓને વહેલા શોધી કાઢવા અને સમયસર હસ્તક્ષેપ પૂરો પાડવાનો છે. આ ઝુંબેશની રીતે પ્રભાત આ કાર્ય કરી રહ્યું છે. જેમાં ભાઈપુરા વોર્ડમાં 25, ખોખરા વોર્ડમાં 19, મણિનગરમાં 21 અને બહેરામપુરા વોર્ડમાં 36 આંગણવાડીઓને આવરી લેવામાં આવી. કુલ 111 આંગણવાડીઓએ વિકાસ સ્ક્રીનીંગ પ્રક્રિયા પૂર્ણ કરી, જેમાં એવા બાળકોની ઓળખ કરવામાં આવી કે જેમને વહેલા હસ્તક્ષેપનો લાભ મળી શકે.

**ઇન્ટર્નશિપ**



અમદાવાદ યુનિવર્સિટીના ૨૫ વિદ્યાર્થીઓએ પ્રાયોગિક ધોરણે સમાવેશી શિક્ષણ ને સમજવા માટે આ મહિને સંસ્થાની મુલાકાત લીધી હતી. આ વિદ્યાર્થીઓએ શિક્ષકોની મદદ માટે કલર કન્સેપ્ટ, ગણિતની પ્રવૃત્તિઓ, સેન્સરી અને ફાઇન મોટર જેવી રોજિંદી પ્રવૃત્તિઓ માટે સુંદર શૈક્ષણિક મટીરિયલ્સ (TLMs) તૈયાર કર્યા હતા. બાળકો અને શિક્ષકો સાથેના આ સીધા સંવાદ દ્વારા વિદ્યાર્થીઓએ અનુભવ્યું કે દરેક બાળકની શીખવાની ક્ષમતા અલગ હોય છે. આના માધ્યમથી તેઓ પુસ્તકીય જ્ઞાનથી આગળ વધીને, વાસ્તવિક જીવનમાં ધીરજ અને સર્જનાત્મકતા સાથે 'સમાવેશ' (inclusion) કોને કહેવાય તે નજીકથી શીખી શક્યા.

**સી.આર.સી. ઓઢવના ઇન્ટર્ન્સની ફિલ્ડ મુલાકાત** : સી.આર.સી. ઓઢવ ખાતેથી CBID કોર્સ કરી રહેલા અને હાલ પ્રભાતમાં ઇન્ટર્નશિપ મેળવી રહેલા વિદ્યાર્થીઓને સ્થાનિક આંગણવાડીઓ અને સિવિલ હોસ્પિટલની ફિલ્ડ મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ સમુદાય સ્તરે બાળકોનું સ્ક્રીનિંગ કેવી રીતે કરવું, સરકારી પ્રક્રિયા દ્વારા મેડિકલ સર્ટિફિકેટ કેવી રીતે મેળવવું અને ફિલ્ડમાં જઈને વાસ્તવિક સર્વે કઈ રીતે કરવો તેના વ્યવહારિક પાસાંઓ ખૂબ જ નજીકથી સમજ્યા હતા.

**ઇ-કુકિંગ રિસર્ચ અપડેટ** : સંશોધન પ્રોજેક્ટ માટે આ મહિનો સઘન ફિલ્ડ ફોલો-અપ માટે સમર્પિત હતો. પ્રભાતની ટીમે પરિવારોના ઘરે-ઘરે જઈને કુકિંગ ડાયરી, સર્વે, ઇન્ટરવ્યુ અને ફોટોગ્રાફ્સ (ફોટોવોઇસ) દ્વારા મહત્વનો ડેટા એકત્રિત કર્યો હતો. સહભાગીઓએ ઇલેક્ટ્રિક પ્રેશર કુકર (EPC), ઇન્ડક્શન સ્ટવ અને રાઇસ કુકર વાપરવાના પોતાના જુદા જુદા અનુભવો શેર કર્યા હતા - જેમાં કેટલાક પરિવારો ખૂબ જ સરળતાથી આ નવી પદ્ધતિ અપનાવી શક્યા હતા, જ્યારે કેટલાક હજી પણ નવી ટેકનિકો શીખી રહ્યા છે. પરિવારોના આ વાસ્તવિક અનુભવો સંસ્થા માટે ખૂબ જ માહિતીસભર અને પ્રોત્સાહક રહ્યા છે.



## નેટવર્કિંગ :

**'કળશ'માં કલાનું પ્રદર્શન** પ્રભાતે 'સારથી – અ ડ્રાઇવ એન્ડ જોય ઓફ હેલ્પિંગ' સંસ્થા દ્વારા આયોજિત **'કળશ: એક અનોખી પ્રતિભા'** પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ એક એવું જાહેર મંચ હતું જ્યાં દિવ્યાંગ વ્યક્તિઓની અનોખી ક્ષમતાઓની ઉજવણી કરવામાં આવી હતી. પ્રદર્શનમાં પ્રભાતના બાળકો દ્વારા હાથથી બનાવેલી માટીની સુંદર વસ્તુઓ અને સ્ક્રીન-પ્રિન્ટેડ પ્રોડક્ટ્સનો સ્ટોલ લગાવવામાં આવ્યો હતો. આ સ્ટોલનો મુખ્ય હેતુ લોકોમાં દયાભાવ જગાડવાને બદલે બાળકોમાં આત્મવિશ્વાસ, ગૌરવ અને આત્મનિર્ભરતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો.



## પ્રભાત સેન્ટરની મુલાકાત



પ્રભાત પરિવારે 'જના સ્મોલ ફાઇનાન્સ બેંક' ના ઝોનલ હેડ મિ. મુકીમ કાઝી અને સિનિયર બ્રાન્ચ મેનેજર મિ. રાહુલ સોનીનું ભાઈપુરા સેન્ટર ખાતે હાર્દિક સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળી હતી અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે પ્રભાત દ્વારા કરવામાં આવી રહેલા કાર્યોની વિસ્તૃત માહિતી મેળવી હતી.



શ્રી બાલાજી દિવ્યાલય ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિની જીજ્ઞાબેને તાજેતરમાં ભાઈપુરા સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સંસ્થાના કાર્યો વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી અને કેન્દ્રના બાળકોને રૂબરૂ મળીને ઉષ્માભર્યો સમય સમય વિતાવ્યો હતો.



પ્રભાત ના શુભેચ્છક ચિંતન શાહ અને અંજલી શેઠ ભાઈપુરા સેન્ટર ની મુલાકાત લીધી હતી. જેમાં બાળકો સાથે થઇ રહેલ સ્પેશ્યલ એજ્યુકેશનની પ્રવૃતિઓ સમજી હતી.

## ધરોબો

**વાલીઓ માટે કાઉન્સેલિંગ સેશન** ભાઈપુરા સેન્ટર ખાતે દર મહિનાની જેમ આ મહિને પણ ડૉ. કિલોલના માર્ગદર્શન હેઠળ વાલીઓ માટે ખાસ કાઉન્સેલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં દરેક વાલી સાથે વન-ટુ-વન (વ્યક્તિગત) સંવાદ સાધીને, તેઓ પોતાના બાળકના ઉછેર કે વર્તનમાં રોજિંદા જીવનમાં જે પણ વ્યક્તિગત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તેનું યોગ્ય નિવારણ અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---

**અમરાઈવાડી વોર્ડમાં સામુદાયિક સર્વે** અમરાઈવાડી વોર્ડમાં કરવામાં આવેલા સામુદાયિક સર્વે દરમિયાન વિશિષ્ટ જરૂરિયાત ધરવતા ૨૪ બાળકોની ઓળખ કરવામાં આવી છે. પ્રભાતની ટીમ હવે આ બાળકોના વાલીઓ સાથે કાઉન્સેલિંગ સેશન યોજીને તેમને જરૂરી સહાય અને સરકારી સેવાઓ સાથે જોડવાની પ્રક્રિયા આગળ ધપાવશે.

## સહાય

મેડીકલ સર્ટીફીકેટ 03 , રેલ્વે પાસ માટેના ફોર્મ -04, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -06, ભરવામાં આવ્યા. વધુમાં, સરકારી સહાય યોજનાઓ માટે 6 ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા હતા.